RBI (Urban Co-operative Banks – Licensing, Scheduling and Regulatory Classification) Guidelines, 2025

સંક્ષિપ્ત સાર — મહત્વના મુદ્દાઓ

1. **નવી UCB માટે લાઇસન્સ:**

નવી Urban Co-operative Bank (UCB) સ્થાપવાની દરખાસ્ત અથવા Co-operative Credit Societyને UCBમાં રૂપાંતરિત કરવાની દરખાસ્ત RBI દ્વારા હાલમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં, પરંતુ તે RBI ની વિચારણા હેઠળ છે.

આથી, આ માળખાનો મુખ્ય ભાર હાલમાં લાઇસન્સ ધરાવતી UCBsના નિયમન, સ્થિરતા અને વિકાસ પર છે.

2. **UCBsનું ચાર-સ્તરીય Regulatory Classification**: UCBsને મુખ્યત્વે તેમની થાપણોની (Deposits) રકમના આધારે ચાર Tier માં વર્ગીકૃત કરવામાં આવે છે.

Tier 1- તમામ Unit UCBs અને Salary Earners' UCBs — થાપણની રકમ ગમે તેટલી હોય; તથા અન્ય UCBs જેમની થાપણો ₹100 કરોડ સુધી હોય

Tier 2- ₹100 કરોડથી વધુ અને ₹1,000 કરોડ સુધીની થાપણો

Tier 3- ₹1,000 કરોડથી વધુ અને ₹10,000 કરોડ સુધીની થાપણો

Tier 4- ₹10,000 કરોડથી વધુની થાપણો

Deposit size અગાઉના નાણાકીય વર્ષની 31 માર્ચે થયેલી Audited Balance Sheet ના આધારે નક્કી કરવામાં આવશે.

UCB કયા Tierમાં આવે છે તેના આધારે તેના પર લાગુ પડતી Regulatory Requirements નક્કી થાય છે. આથી Managementએ Deposit Growthનું સતત ધ્યાન રાખવું જોઈએ, ખાસ કરીને જ્યારે બેંક ₹100 કરોડ, ₹1,000 કરોડ અથવા ₹10,000 કરોડ ની મર્યાદા નજીક પહોંચી રહી હોય.

3. **Higher Tierમાં જવા માટે બે વર્ષનો Glide Path**

જો Depositમાં વધારાને કારણે કોઈ UCB Higher Tierમાં જાય, તો Higher Tier માટે લાગુ પડતી વધારાની Regulatory Requirementsનું પાલન કરવા માટે તેને મહત્તમ બે વર્ષનો Glide Path આપવામાં આવે છે. આ બે વર્ષમાં સામેલ રહેશે:

- જે Financial Yearમાં Threshold પાર થાય તે વર્ષ; અને ત્યારપછીનું Financial Year.

**Board માટે મહત્વ**

UCB જ્યારે Higher Tierની નજીક પહોંચી રહી હોય ત્યારે Board અને Managementએ છેલ્લી ઘડીએ તૈયારી કરવાને બદલે અગાઉથી Regulatory Transition Plan તૈયાર કરવો જોઈએ.

4. **RBI Actની Second Scheduleમાં સમાવેશ માટેની પાત્રતા-** પાત્ર UCB, Reserve Bank of India Act, 1934ની Second Scheduleમાં સમાવેશ માટે અરજી કરી શકે છે. પરંતુ UCBએ નીચેની મહત્વપૂર્ણ શરતો પૂરી કરવી જરૂરી છે:

A. બે સતત વર્ષ સુધી Tier 3 Deposit Level: UCBએ Tier 3 Classification માટે જરૂરી Minimum Deposit Level સતત બે વર્ષ સુધી જાળવવું પડશે. અર્થાત્, બેંકે માત્ર થોડા સમય માટે Threshold પાર કરવો પૂરતો નથી; બેંકનું કદ સતત અને સ્થિર હોવું જોઈએ.

B. મજબૂત Capital Position: CRAR, લાગુ પડતી Minimum CRAR Requirement કરતાં ઓછામાં ઓછું 3 Percentage Points વધારે હોવું જોઈએ.

ઉદાહરણ:

જો લાગુ પડતી Minimum CRAR 12% હોય, તો બેંકનો CRAR ઓછામાં ઓછો 15% હોવો જોઈએ.

C. કોઈ ગંભીર Regulatory / Supervisory Concern ન હોવી જોઈએ: બેંક સામે કોઈ ગંભીર Regulatory અથવા Supervisory Concern ન હોવી જોઈએ.

આ જરૂરીયાતો માટે ઉપલબ્ધ નાણાકીય આંકડાઓમાં સૌથી તાજેતરના Assessed Financials / RBI Inspection Findings અથવા Audited Financial Statements, જેમાંથી જે વધુ તાજેતરનું હોય, તેને ધ્યાનમાં લેવામાં આવશે.

5. **Scheduled Bank Status માટે અરજી:** Eligibility Criteria પૂર્ણ કરતી UCB સંબંધિત RBI Regional Officeમાં અરજી કરી શકે છે. અરજી સાથે નીચેની વિગતો આપવાની રહેશે:

અરજીને મંજૂરી આપતો Annual General Body / Board of Directorsનો Resolution;

RBI સાથે પત્રવ્યવહાર કરવા માટે અધિકૃત અધિકારીઓના નામ;

બેંકની મુખ્ય Financial Details;

અગાઉના ત્રણ વર્ષના Published Balance Sheets.

6. Board માટે Practical Checklist

Scheduled Bank Status માટે અરજી કરતા પહેલાં Boardએ નીચેની બાબતો અંગે પોતાને સંતોષ આપવો જોઈએ:

1 બે સતત વર્ષ માટે Tier 3 Status જાળવ્યું છે

↓

2 CRAR ≥ Applicable Minimum CRAR + 3%

↓

3 કોઈ ગંભીર Regulatory / Supervisory Concern નથી

↓

4. મજબૂત Financial Performance અને Regulatory Compliance

↓

5. Board / General Body Resolution

↓

6. RBI Regional Officeમાં Application

7. UCBs માટે આ Frameworkનો અર્થ

ચાર-સ્તરીય વ્યવસ્થા મૂળભૂત રીતે Graduated Regulatory Framework ઊભું કરે છે.

**a) નાની UCBs – Tier 1**

મુખ્ય ધ્યાન નીચેની બાબતો પર રહેશે:

- બેંકની સ્થિરતા;
- સારા Governance;
- મૂળભૂત Regulatory Compliance;
- પૂરતી Capital અને Liquidity જાળવવી; અને
- નિયંત્રિત વિકાસ.

**b) વિકાસશીલ UCBs – Tier 2**

બેંકે નીચેની બાબતો માટે તૈયારી કરવી પડશે:

- વધુ મજબૂત Governance;
- મજબૂત Risk Management Systems;
- Business તથા Geographical Operationsનો વિસ્તરણ;
- Board / Managementનું Professionalisation; અને
- વધતી Regulatory Expectations.

**c) Large UCBs – Tier 3 અને Tier 4**

આ બેંકો પાસેથી નીચેની બાબતોની અપેક્ષા રાખવામાં આવે છે:

- મજબૂત Capital Buffers;

- Sophisticated Risk Management Systems;
- Robust Internal Controls;
- Professional Governance;
- વધુ મજબૂત Technology અને Cyber Controls; અને
- વધુ જટિલ Banking Activities હાથ ધરવાની ક્ષમતા.

RBIનો ઉદ્દેશ નાની UCBsના Co-operative Character ને જાળવી રાખીને મોટા UCBsની Growth Ambitions અને વધતી Complexity વચ્ચે સંતુલન જાળવવાનો છે.

**8. UCB Management માટે મુખ્ય સંદેશ**

સૌથી મહત્વપૂર્ણ Strategic Message એ છે કે Deposit Growthથી UCBની Regulatory Statusમાં ફેરફાર થઈ શકે છે.આથી Deposit Mobilisationને માત્ર Business Growth તરીકે જોવું યોગ્ય નથી.

જ્યારે બેંકની થાપણો નીચેની મર્યાદાઓની નજીક પહોંચી રહી હોય: ₹100 કરોડ → ₹1,000 કરોડ → ₹10,000 કરોડ ત્યારે Managementએ સાથે-સાથે નીચેની બાબતો માટે પણ આયોજન કરવું જોઈએ:

- Capital Requirements;
- Governance;
- Risk Management;
- Technology;
- Compliance.

Scheduled UCB બનવાની ઇચ્છા ધરાવતી UCB માટે માત્ર ₹1,000 કરોડ Deposit સુધી પહોંચવું પૂરતું નથી.બેંકે:

સતતબે વર્ષ Tier 3 Status જાળવવું;

-Applicable Minimum CRAR કરતાં 3 Percentage Points વધારે CRAR Buffer જાળવવો; અને

- સ્વચ્છ તથા મજબૂત Regulatory / Supervisory Record જાળવવો જરૂરી છે.